# ‘યુનિફોર્મ ચેન્જ’ એ આપણા લશ્કરની કાયાપલટનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો છે

**આ એક પરિવર્તન કરવા માટે ભારતીય લશ્કરની આખી યુનિફોર્મ પોલિસી બદલી નાખવામાં આવી છે અને બે, તેમાં યુનિફોર્મ બદલવા સાથે ‘સોલ્જર લુક’ને લગતા અન્ય ઘણા નિયમો બદલવામાં આવ્યા છે. આટલી પૂર્વ ભૂમિકા સાથે આપણા લશ્કરના મિલિટરી યુનિફોર્મ ચેન્જની આ આખી પ્રક્રિયા વિગતે જોઈએ**

બોર્ડર
કેપ્ટન શૂરવીર સિંહ

ભારતીય ‘ચર્ચાપટ’(અરે ભાઈ, ચિત્રપટ શબ્દની તરજ પર છે આ ચર્ચાપટ શબ્દ. પટ એટલે અહીં પડદો અથવા સપાટીના અર્થમાં લઈ શકાય.) પરથી ગાયબ થયેલી બંડી(આઝાદી પછીના સમયમાં બંડી માટે પ્રચલિત શબ્દ હતો- નહેરુવિયન જેકેટ.) આજકાલ ફરી ચર્ચામાં આવી ગઈ છે. કારણ જોકે રાજકારણ નહીં, લશ્કર છે એટલું સારું છે. ભારતીય લશ્કરના ‘ભારતીયકરણ’ની કવાયત છેલ્લા ઘણા સમયથી ચાલે છે. આ જ કવાયતના ભાગરૂપે ભારતીય લશ્કરમાં ઘણા સ્થાનોએથી બ્રિટિશકાળની ઘણી લશ્કરી પરંપરાઓ અને સિમ્બોલ્સ હટાવવાની પ્રક્રિયા પણ છેલ્લા ઘણા સમયથી ચાલે છે. ટૂંકમાં, ભારતીય લશ્કરની કાયાપલટની આખી પ્રક્રિયા લાંબા સમયથી ચાલે છે. આમ કરતાં 2026 આવી ગયું છે અને હવે તો લગભગ અડધું પૂરું પણ થઈ ગયું છે. શરૂઆતમાં કહ્યું તેમ ભારતીય લશ્કરમાં ઘણું બધું બદલતાં હવે મિલિટરી યુનિફોર્મ બદલવાનો નિર્ણય લેવાયો છે. જોકે આ જ કોલમમાં અગાઉ ઘણીવાર કહ્યું છે તેમ ખાસ કરીને લશ્કરમાં કોઈ પણ આમૂલ પરિવર્તન લાવવાની પ્રક્રિયા લાંબી હોવાની સાથે જ ઘણી જટિલ હોય છે. આ બાબત પુરવાર કરતાં બે મુદ્દા અહીં પણ જોવા મળે છે. એક, આ એક પરિવર્તન કરવા માટે ભારતીય લશ્કરની આખી યુનિફોર્મ પોલિસી બદલી નાખવામાં આવી છે અને બે, તેમાં યુનિફોર્મ બદલવા સાથે ‘સોલ્જર લુક’ને લગતા અન્ય ઘણા નિયમો બદલવામાં આવ્યા છે. આટલી પૂર્વભૂમિકા સાથે આ પણા લશ્કરના મિલિટરી યુનિફોર્મ ચેન્જની આ આખી પ્રક્રિયા વિગતે જોઈએ.

યુનિફોર્મ ચેન્જની આ આખી પ્રક્રિયા કુલ 7 મુદ્દામાં સમજી શકાય તેમાં સોલ્જર લુકની વાત પણ આવી જાય છે. આ મુદ્દાઓ મુખ્યત્વે બે ભાગમાં વહેંચી શકાયઃ એક, નીતિગત પરિવર્તનો અને બે, વ્યક્તિગત દેખાવ તેમજ દેખાવ અંગેની કાળજીનાં ધોરણોમાં કરવામાં આવેલાં પરિવર્તનો.

## નીતિગત પરિવર્તનો

**બંડી જેકેટઃ** અત્યારસુધી આપણો પરંપરાગત પોશાક ગણાતી રહેલી બંડી હવે ભારતીય લશ્કરનો સત્તાવાર સિવિલ પોશાક બનશે. મતલબ કે હવે આપણા જવાનો અને અધિકારીઓ લશ્કરી યુનિફોર્મ તરીકે આખી બાંયના શર્ટ સાથે બંડી જેકેટ ધારણ કરશે.

**નવો વિન્ટર યુનિફોર્મઃ** આધુનિક બેટલ જેકેટ હવે ભારતીય લશ્કરના નવા સત્તાવાર વિન્ટર યુનિફોર્મ તરીકે લાવવામાં આવ્યું છે. આ નવો યુનિફોર્મ જૂન, 2029 સુધીમાં સંપૂર્ણ લશ્કરમાં સત્તાવાર વિન્ટર યુનિફોર્મ તરીકે દાખલ કરી દેવામાં આવશે. આ નવો યુનિફોર્મ વર્તમાન ટીશર્ટ આધારિત વિન્ટર યુનિફોર્મનું સ્થાન લેશે.

**સેરિમોનિયલ યુનિફોર્મમાં આવેલા ફેરફારોઃ** સેરિમોનિયલ યુનિફોર્મ્સના મામલે બે મહત્ત્વનાં પરિવર્તનો લાવવામાં આવ્યાં છેઃ એક તો, મિલિટરીની મેસમાં પહેરવાના મેસ ડ્રેસમાંથી પાઉચ બેલ્ટ્સ હટાવી દેવામાં આવ્યા છે. બે, વિવિધ પ્રકારની પરેડ દરમ્યાન રિવ્યુઈંગ ઓફિસરે પોતાની સાથે તલવાર લઈ જવાની પરંપરા ફજિયાતના બદલે હવે વૈકલ્પિક બનાવવામાં આવી છે.

## વ્યક્તિગત દેખાવ તેમજ દેખાવ અંગેની કાળજીનાં ધોરણોમાં કરવામાં આવેલાં પરિવર્તનો

**ટેટૂ અને છૂંદણાઃ** લશ્કરી જવાનો અને અધિકારીઓ જ્યાં સુધી લશ્કરી યુનિફોર્મમાં હોય ત્યાં સુધી ટેટૂ અને છૂંદણાં કરાવવા પર આકરો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

**દાઢી-મૂછઃ** દાઢી-મૂછ અંગેના કડક નિયમો અંતર્ગત જેની છૂટ સુપ્રીમ કોર્ટે પણ સત્તાવાર રીતે આપેલી છે એવા ફરજિયાત ધાર્મિક અપવાદોને બાદ કરતાં દાઢી રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે અને જેમને ધાર્મિક અપવાદો અંતર્ગત છૂટ છે તેમણે પણ પોતાના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ(GOC-in-C)ની આગોતરી સત્તાવાર મંજૂરી લઈને જ ચોક્કસ પ્રકારે ટ્રિમ કરેલી દાઢી જ રાખવી ફરજિયાત છે. એ જ રીતે મૂછ રાખવા સંદર્ભે પણ મહત્તમ 12 સેમી જેટલી લાંબી મૂછ જ રાખવી ફરજિયાત છે.

**અન્ય સામાન્ય મર્યાદાઓઃ** વ્યક્તિગત દેખાવ તેમજ દેખાવ અંગેની કાળજીનાં ધોરણો અંગેની અન્ય સામાન્ય મર્યાદાઓ અંતર્ગત આંખે ઊડીને વળગે તેવી(રેડિકલ) હેરસ્ટાઈલ્સ, જેની સત્તાવાર રીતે છૂટ કે ખાસ કિસ્સામાં આગોતરી મંજૂરી ન હોય એ રીતે દાઢીનું સેટિંગ કરવવા પર, આસાનીથી દશ્યમાન થાય એવાં ઈલેક્ટ્રનિક ગેજેટ્સ રાખવા પર કે પહેરવા પર અને તડકભડક લાગે એવો કોસ્મેટિક મેકઅપ કરવા પર પણ કડક પ્રતિબંધ છે. અહીં પણ ધાર્મિક અપવાદ હેઠળ શીખ અને મુસ્લિમ જવાનોને કેટલીક સત્તાવાર છૂટછાટો આપવામાં આવી છે.

**મહિલા અધિકારીઓ માટેના નિયમોઃ** મહિલા અધિકારીઓ માટેના નિયમો અંતર્ગત મહિલા અધિકારીઓ સોબર કલરની સાડી પહેરી શકે છે. તે ઉપરાંત એન્કલ સુધીની લંબાઈ ધરાવતા પેન્ટ સાથે સલવાર અથવા કુર્તા પણ પહેરવાની છૂટ છે. એ સાથે દુપટ્ટો પણ રાખી શકે છે. સામે પક્ષે સ્લીવલેસ કુર્તા અને પ્લાઝો પહેરવા પર પ્રતિબંધ છે.





# નવી 4 ફિલ્મો કરતાં એક કોમેડી ફિલ્મનું ટ્રેલર વધુ ધમાલ મચાવી રહ્યું છે!

ફિલ્મોગ્રાફ
રાકેશ ઠક્કર

ગયા સપ્તાહે એકસાથે ઘણી બધી ફિલ્મો થિયેટરોમાં રજૂ થઈ હોવા છતાં એમાંથી કોઈએ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી નથી પણ સોશિયલ મીડિયા પર ‘ધમાલ 4’ના ટ્રેલરે ધમાકેદાર એન્ટ્રી સાથે આખી લાઈમલાઈટ પોતાની તરફ ખેંચી લીધી છે. તેના ટ્રેલરનો ક્રેઝ આ બધી જ ફિલ્મો પર ભારે પડ્યો છે! નવી ફિલ્મોમાં મુખ્યત્વે હોન્ટેડ 3D, ડિસ્ક્લોઝર ડે, બેકરૂમ્સ, અને ‘ગવર્નર’સામેલ છે. જે બધાની પહેલા દિવસની કુલ કમાણી રૂ.10 કરોડથી પણ ઓછી થઈ છે. મિમોહ ચક્રવર્તીની ‘હોન્ટેડ 3D’ માં એ જ જૂની પુરાણી વાર્તા છે. જૂની હવેલી, ભૂત-પ્રેત, આત્મા, પુનર્જન્મ અને વગર કારણે ઉમેરવામાં આવેલો હવસનો તડકો છે. ફિલ્મનો હીરો પોતાનું દુઃખ ભુલવા માટે કોઈ હોટલ કે રિસોર્ટમાં જવાને બદલે સીધો ૨૦૦ રૂમવાળો આખો મહેલ ભાડે રાખી લે છે! મહેલમાં ભૂત હોવાની ખબર હોવા છતાં પાત્રો ત્યાંથી ભાગતા નથી. આશ્ચર્યજનક વાત એ છે કે આ ફિલ્મ મહેશ ભટ્ટ દ્વારા લખવામાં આવી છે અને સુહૃતા દાસ અને શુભમ ધીમન સાથે વિક્રમ ભટ્ટ અને મનીષ ચૌહાણ દ્વારા સહ-દિગ્દર્શિત કરવામાં આવી છે.

**સોશિયલ મીડિયા પર ‘ધમાલ 4’ના ટ્રેલરે ધમાકેદાર એન્ટ્રી સાથે આખી લાઈમલાઈટ પોતાની તરફ ખેંચી લીધી છે. તેના ટ્રેલરનો ક્રેઝ આ બધી જ ફિલ્મો પર ભારે પડ્યો છે! નવી ફિલ્મોમાં મુખ્યત્વે હોન્ટેડ 3D, ડિસ્ક્લોઝર ડે, બેકરૂમ્સ, અને ‘ગવર્નર’સામેલ છે**


એવું લાગે છે કે ભટ્ટ ભાઈઓના નામનો ઉપયોગ ફક્ત બ્રાન્ડિંગ માટે કરવામાં આવ્યો છે. ફિલ્મમાં તેમનો કોઈ વાસ્તવિક ફાળો નથી. તેની સામે ‘બેકરૂમ્સ’ હોલીવુડના આઉટ-ઓફ-ધ-બોક્સ કન્ટેન્ટ અને સાયકોલોજિકલ હોરરના શોખીનો માટે ચોક્કસ જોવા જેવી ફિલ્મ છે. યુટ્યુબર કેન પાર્સન્સ દ્વારા માત્ર 11 મિલિયન ડોલરના બજેટમાં બનાવેલી અને વિશ્વભરમાં રૂ.1900 કરોડથી વધુની કમાણી કરનારી સાયકોલોજિકલ હોરર-સાયન્સ ફિક્શન માત્ર 2 કલાકની છે. તે શરૂઆતથી અંત સુધી સ્ક્રીન સાથે જકડી રાખે છે. આ કોઈ સામાન્ય ભૂત-પ્રેતવાળી હોરર ફિલ્મ નથી પરંતુ માનસિકતા સાથે રમે છે, ખાસ કરીને પીળા રંગના ક્યારેય ખતમ ન થતા રૂમ્સનું જે વાતાવરણ ઊભું કરાયું છે તે અદભૂત છે. ક્લાઈમેક્સ અને છેલ્લે થનારો ખુલાસો ખૂબ જ જોરદાર અને સીટ પર પકડી રાખનારો છે. તે હિન્દી દર્શકો સુધી પહોંચી શકી નથી. કેમકે માત્ર અંગ્રેજી ભાષામાં છે અને થિયેટર્સમાં સબટાઈટલ પણ ઉપલબ્ધ નથી. સ્પીલબર્ગની ‘ડિસ્ક્લોઝર ડે’માં વિઝ્યુઅલ્સ, એસ્થેટિક્સ અને સિનેમેટોગ્રાફી કલાત્મક છે, જે સ્ક્રીન પર જોવી ગમે છે. એમિલી બ્લન્ટની એક્ટિંગ જકડી રાખે એવી છે. ટ્રેનવાળી સિક્વન્સ અને બીજા એક્શન સીન્સ પણ ઘણા આકર્ષક છે. આ કોઈ સામાન્ય એલિયન ફિલ્મ જેવી નથી. અહીં એલિયન કન્સેપ્ટની સાથે હ્યુમન ઈમોશન્સ અને સાયબર સિક્યોરિટીને સરસ રીતે વણી લેવાયા છે. ફિલ્મ લગભગ અઢી કલાકની છે, જે ઘણી લાંબી લાગે છે. ખાસ કરીને શરૂઆતની 15 મિનિટમાં શું ચાલી રહ્યું છે તે સમજવું મુશ્કેલ બને છે. વાર્તા વચ્ચે લાંબી-લાંબી વાતચીતો આવે છે, જે ફિલ્મની ગતિને ખૂબ જ ધીમી પાડી દે છે. આ સાયન્સ ફિક્શન ફિલ્મ છે. આર્ટ સિનેમા ગમતું હોય તેને જ ગમી શકે છે. મસાલા ફિલ્મોના શોખીનો માટે આ બિલકુલ નથી. રાજકીય-આર્થિક ડ્રામા ફિલ્મ ‘ગવર્નર’માં મનોજ બાજપેયીએ ગવર્નર તરીકે કારકિર્દીનું સૌથી શ્રેષ્ઠ પરફોર્મન્સમાંનું એક આપ્યું છે. સામાન્ય લુક હોવા છતાં તેમની આંખો અને હાવભાવ જકડી રાખે છે. અદા શર્માએ એક ચાલાક પત્રકારનો દમદાર રોલ કર્યો છે, જે વાર્તામાં મીડિયાની તાકાત અને મહત્વને સરસ રીતે રજૂ કરે છે. આ ફિલ્મમાં બોલિવૂડ સ્ટાઈલનું કોઈ નાચ-ગાન, એક્શન, મારધાડ કે રોમાન્સ નથી. જેને ઈતિહાસ કે આવી ગંભીર રાજકીય ચર્ચાઓમાં રસ નથી તેમના માટે આ ફિલ્મ અત્યંત બોરિંગ સાબિત થઈ શકે છે. આ એક ખૂબ જ સ્માર્ટ ફિલ્મ હોવાથી માત્ર બુદ્ધિજીવી કે ચોક્કસ વર્ગના દર્શકો માટે જ સીમિત રહી જાય છે. તેને થિયેટરને બદલે સીધી OTT પ્લેટફોર્મ પર રજૂ કરવી જોઈતી હતી, જેથી તે ઘર-ઘર સુધી પહોંચી શકી હોત. સોશિયલ મીડિયા પર નવી ફિલ્મો કરતાં આગામી ‘ધમાલ 4’ના ટ્રેલરની ચર્ચા વધુ છે અને સૌથી મોટી ખાસિયત એ છે કે તે સાવ પારિવારિક છે. આજકાલની કોમેડી ફિલ્મોની જેમ એમાં કોઈ અશ્લીલતા, વાહિયાત સીન્સ કે દ્વિઅર્થી જોક્સનો સહારો લેવામાં આવ્યો નથી. તાજેતરમાં જ રજૂ થયેલા ‘વેલકમ ટુ ધ જંગલ’ના ટ્રેલરથી જે દર્શકો નિરાશ થયા હતા તેમના માટે ‘ધમાલ 4’નું ટ્રેલર એક મોટી રાહત સમાન છે. કારણ કે આ ટ્રેલર લોકોની અપેક્ષાઓ કરતાં ઘણું વધારે મનોરંજક અને હસાવનારું છે. સામાન્ય રીતે મોટી ફિલ્મોમાં માત્ર અજય દેવગન જેવા સુપરસ્ટાર પર જ ફોકસ હોય છે, પણ અહીં અર્શદ વારસી, જાવેદ જાફરી અને રિતેશ દેશમુખ સહિત બધા જ કલાકારોને પોતાની કોમેડી બતાવવાની પૂરી તક મળી છે. અજયની ફિલ્મ ‘ફૂલ ઔર કાંટે’ના બે બાઈકવાળા આઈકોનિક સ્ટન્ટને આ ફિલ્મમાં ડૉલ્ફિન માછલીઓ સાથે જોડીને એક મસ્ત પ્રાસંગિક કોમેડી સીન ઊભો કરાયો છે તે જોવાની ખૂબ મજા પડે છે. હા, ધમાલ ફેન્સ માટે આ ટ્રેલરમાં સંજય દત્તની ગેરહાજરી સ્પષ્ટપણે વર્તાઈ આવે છે. જો તે હોત તો કોમેડી ટાઈમિંગ હજુ વધુ ઉપરના સ્તર પર હોત. ‘ધમાલ’ બ્રાન્ડની પોતાની એક અલગ ફેન ફોલોઈંગ છે, એટલે આ ફિલ્મ ૧૦ જુલાઈના રોજ થિયેટર્સમાં રજૂ થઈને બોક્સ ઓફિસ પર ધૂમ કમાણી કરે તેવી પૂરી શક્યતાઓ છે.

### ઓટોગ્રાફ !

ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’નું ટ્રેલર જોયા પછી એમ થાય છે કે એમાં એટલા બધા કલાકારો ભરી દીધા છે કે અડધા કલાકારોને તો એ જ ખબર નહીં હોય કે આ સીનમાં પોતે ક્યાં ઊભા છે!

# યુદ્ધસ્ય કથા રમ્યા?

જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ



દોસ્તો, આપને યાદ હશે ભારત અને પાકિસ્તાન વચ્ચે પ્રથમ યુદ્ધ એપ્રિલ-૧૯૬૫ થી સપ્ટેમ્બર-૧૯૬૫ સુધી ચાલ્યું હતું. અંતે ભારતીય સેનાએ ૧૯૭૧ માં જીતેલો પાકિસ્તાનનો પ્રદેશ પણ પાછો આપી દીધો હતો, એટલું જ નહીં પી. ઓ. કે. (પાકિસ્તાન હસ્તકના કાશ્મિરનો જે હિસ્સો ભારતીય સેનાએ કબજે કર્યો હતો તે તથા- તેની ઉપરનો ભારતનો બંધારણીય હક હતો તે પણ) ઈન્દિરાજીએ કોઈને પૂછ્યા વિના રાતોરાત પાકિસ્તાનને આપી દીધો હતો. જરા વિચારો, જે કોંગી શ્યામા પ્રસાદ મૂખરજીને મરાવી શકે તથા શ્રી જયપ્રકાશજીને હતા ન હતા કરીને મૃત્યુને દ્વાર પહોંચાડી શકે તેની પાસે દેશહિતની બીજી શી અપેક્ષા રાખી શકાય? તેમ છતાં ઈન્દિરા ભક્તો આજે ય એવો દાવો કરે છે કે કોંગ્રેસે લોકશાહીની રક્ષા કરી હતી. (૧૯૬૫માં ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું હતું, એ યુદ્ધ ૧૯૬૫ થી સપ્ટેમ્બર - ૬૫ સુધી બન્ને દેશો વચ્ચે ચાલેલી મૂઠભેડનું પરિણામ હતું) સંઘર્ષની શરૂઆત ઓપરેશન જીબ્રાલ્ટર હેઠળ ઘુસણખોરોને દાખલ કરવાની કોશિષ કરવામાં આવી હતી. ભારતે તેની વિરૂદ્ધમાં પશ્ચિમ પાકિસ્તાન પર હુમલો કર્યો હતો. ૧૭ દિવસ ચાલેલા એ યુદ્ધમાં બન્ને પક્ષોએ મોટી ખુવારી વેઠવી પડી હતી. હજારો સૈનિકો માર્યા ગયા હતાં. અંતે તાસ્કંદ કરાર દ્વારા એ યુદ્ધનો અંત આવ્યો હતો.

અમારા બચુભાઈ કહે છે : “આટલા કડવા પરિણામો પછી પણ પાકિસ્તાન ભારત સામે હજી ઘૂરકતું રહે છે તે સિંહને લાફો મારવા જેવી મૂર્ખામી છે. સંભવતઃ આ ઘટનાની એક નાજૂક બાબત ઘણાં દેશવાસીઓ નહીં જાણતા હશે. તે સમયગાળામાં “યુદ્ધ એ જ કલ્યાણ” ગ્રૂપના ફાઉન્ડર શ્રી નિખીલભાઈનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો ત્યારે તેઓ વહેલી તકે સાજા થઈ જાય એવી દરેક ભારતીયે પ્રાર્થના કરી હતી. પણ આજે સ્થિતિ બદલાઈ ચૂકી છે. આજે દરેક ભારતવાસીના હોઠ પર એક જ વાક્ય રમે છેઃ “પાર્થને કહો ચઢાવે બાણ.. હવે તો યુદ્ધ એજ કલ્યાણ..!” દોસ્તો, આજે ભલે ચો તરફ યુદ્ધની જ્વાળા ફેલાઈ રહી હોય પણ વિશ્વભરના શાંત પ્રકૃતિના માણસો તો એમ જ ઈચ્છે છે કે યુદ્ધ કદી ના થવું જોઈએ..! જીવતરના જે દિવસો કુદરતે માણસજાતને ફાળવ્યા છે તે નાહક વેડફાઈ ન જવા જોઈએ એમ હવે તો સમગ્ર વિશ્વ માને છે, પણ ઘણાં યુદ્ધખોર લોકો હજી માને છે કે હવે તો યુદ્ધમાં જ કલ્યાણ રહેલું છે તે સિવાય વિશ્વમાં અસ્તિત્વ ટકાવી રાખવાનો બીજો કોઈ ઉપાય નથી. બન્ને દેશો વચ્ચે પાકિસ્તાની સેનાએ ભારતીય વાયુ મથકોમાં ઘુસણખોરી કરવા અનેક છૂપી કાર્યાવાહી કરી હતી જેમાં, સપ્ટેમ્બર-૦૭ માં હલવારા પઠાણકોટ અને આદમપુર ખાતે છત્રી દળ દ્વારા સ્પેશિયલ સર્વીસ ગ્રૂપના કમાન્ડોને ઉતારવાની કાર્યવાહી મુખ્ય હતી. તેના ભાગ રૂપે ૧૩૫ કમાન્ડો મોકલ્યા હતાં; પરંતુ માત્ર ૨૨ જ પાકિસ્તાન પહોંચ્યા હતા. અને ૨૦ માર્યા ગયા હતા. આવો ચકચારી હતો ભારત પાકિસ્તાનના યુદ્ધનો ઈતિહાસ. આપણે જાણીએ છીએ કે ભારતના પ્રધાનમંત્રી લાલબહાદુર શાસ્ત્રી અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ અય્યુબખાન વચ્ચે શાંતિ મંત્રણા થઈ હતી તેમાં નિર્ણય લેવાયો કે બન્ને દેશ ૨૫ મી ફેબ્રુઆરી પહેલા જ્યાં હતા ત્યાં આવી જવું અને બીજા દિવસે યુદ્ધનો અંત આવ્યો હતો. ૧૯૬૬ થી ૧૯૭૭ સુધીના ભારતના ૮૧ ટકા શસ્ત્રો સોવિયેટ સરકારે આપ્યાં હતાં. એક વિદ્યાર્થીએ પૂછેલા પ્રશ્નના જવાબ સાથે એ પણ જાણી લઈએ કે પ્રથમ વિશ્વયુદ્ધ ૨૮મી જુલાઈ-૧૯૧૪ થી ૧૧ નવેમ્બર- ૧૯૧૮ દરમિયાન થયું હતું. બીજા વિશ્વયુદ્ધમાં દશ કરોડથી વધુ લોકોની જમાવટ કરવામાં આવી હતી, જેને કારણે એ યુદ્ધ ઈતિહાસનું સૌથી વ્યાપક યુદ્ધ બન્યું હતું અને તેમાં સાત કરોડથી વધુ લોકો મરાયા હતાં. જોકે હવે લોકોની માનસિક્તા યુદ્ધખોરીની રહી નથી. ડોનાલ ટ્રમ્પ જેવા ખતરનાક રાજવીઓ હજી આપણી વચ્ચે જીવી રહ્યા છે તેઓ લોકોની યુદ્ધ મિમાંસાને જીવતી રાખે છે.

**૧૭ દિવસ ચાલેલા એ યુદ્ધમાં બન્ને પક્ષોએ મોટી ખુવારી વેઠવી પડી હતી. હજારો સૈનિકો માર્યા ગયા હતાં. અંતે તાસ્કંદ કરાર દ્વારા એ યુદ્ધનો અંત આવ્યો હતો**

કવિ શ્રી પ્રદિપજીએ લખેલું કેઃ “હમ લાયેં હૈં તુફાન સે કિસ્તી નિકાલકે.. ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સમાલકે..!”

ગાંધીજી વિશ્વયુદ્ધોના મૂક સાક્ષી હતા. જોકે તેમણે વૈશ્વિક યુદ્ધખોરી સામે છૂપોરોષ ઠાલવ્યો હતો એ સિવાય તેમની અહિંસક વિચારધારા વિશ્વશાંતિ માટે ખાસ પ્રોત્સાહક રહી નહોતી. ગુજરાતની પ્રજા મોટે ભાગે શાંત પ્રકૃતિધારક છે એથી પાકિસ્તાન જ્યારે જ્યારે સરહદ પર અડપલાં કરે છે; ત્યારે આપણાં પાનના ગલ્લાં કે નુક્કડમાં બોલી ઊઠીએ છીએઃ “પાકિસ્તાન હવે હદ વટાવે છે. મોદીજી એની શાન ઠેકાણે લાવવી જોઈએ. કવિ નાનાલાલે કોઈ યુદ્ધ સબંધે જ કહેલુંઃ “પાર્થને કહો ચઢાવે બાણ.. હવે તો યુદ્ધ એજ કલ્યાણ..!” પણ આપણાં સૌનો અનુભવ છે કે જ્યારે જ્યારે યુદ્ધ થાય છે ત્યારે પ્રજા અનેક રીતે પીડાતી હોય છે. તેમને માનસિક અશાંતિ તો રહે જ છે. પણ ભયંકર અશાંતિને કારણે પ્રજા સ્વીકારે છે કે કોઈ પણ રીતે યુદ્ધ આવકારવા જેવી બાબત નથી.

પણ જ્યારે જ્યારે યુદ્ધ થાય છે ત્યારે સાધારણ લોકો પણ તણાવગ્રસ્ત રહે છે. ચીન તરફથી થતાં બોમ્બબાર્ડિંગથી બચવા પ્રધાન મંત્રીશ્રીએ પ્રજાને અંધારપટની સૂચના આપી હતી. તે મુજબ લોકો રાત્રે બારણા બંધ કરી ઘરોમાં ગોંધાઈ રહેતા. ઘરમાં લાઈટ સળગાવવાની પણ છૂટ ન હતી. વિતેલા દિવસોમાં દેશની પ્રજાએ પાર વિનાની પીડા સહન કરી છે. એથૌ કોઈ પણ શાણો દેશ હવે યુદ્ધ ઈચ્છતો નથી. પરંતુ એટલું સ્વીકારવું પડશે કે પાકિસ્તાન અને ચીન જેવા અડપલાખોર દેશો સરહદ પર સૈનિકો ખડકી દે છે ત્યારે તેની અસર દેશના સૈન્ય પર જ નહીં દેશના આંતરિક શાંત વિસ્તારોમાં પણ થાય છે.

### ધૂપછાંવ

માનવી પ્રાકૃતિક રીતે હિંસક નથી પણ તે સલામતિ પ્રિય તો છે જ. એથી પાડોશી દેશ સરહદ પર અડપલાં કરે છે ત્યારે જે તે દેશની પ્રજા જરૂર કહે છે કે એ યુદ્ધ ખોર દેશને તેમની યુદ્ધ ખોરીની જરૂર સજા થવી જોઈએ. ભારત પાકિસ્તાન વચ્ચે પહેલું યુદ્ધ અપ્રિલ ૧૯૬૫ થી સપ્ટેમ્બર- ૨૦૬૫ સુધી ચાલ્યું હતું. જેમાં હજારો સૈનિકો માર્યા ગયા હતાં અને તાસ્કંદ સમજુતી દ્વારા બન્ને દેશો વચ્ચે વિગ્રહનો અંત આવ્યો હતો. ભૂતકાળના આટલા કડવા અનુભવ પછી પણ પાકિસ્તાન ભારત સામે ઘુરક્યા કરે છે. પાકિસ્તાન પ્રથમથી જ કમજોર દેશ રહ્યો છે. તે ભારત સામે ઘૂરકે તે સસલુ સિંહ જોડે અડપલાં કરતું હોય એવું લાગ છે.